ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-1909/06/2023 તા:25/06/2023

**પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે આજરોજ "કટોકટી દિન" નિમિતે મીસાવાસી અને જનસંઘ વખતના કાર્યકર્તાઓનો વિશેષ કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં યોજાયો**

----

**કોંગ્રેસ સત્તા મેળવવા કોઇ પણ હદ સુધી જઇ શકે છે તે 25મી અને 26 જૂન 1975 કટોકટીના તે દિવસ પરથી સમજી શકાય છે. – શ્રી સી.આર.પાટીલ**

----

**જનસંઘના કાર્યકરોએ તે સમયે દેશની સેવા માટે જે બલિદાન આપ્યું છે જે યાતના ભોગવી છે તેના કારણે આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ભાજપની સરકાર છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે આજરોજ "કટોકટી દિન" નિમિતે મીસાવાસી અને જનસંઘ વખતના કાર્યકર્તાઓનો વિશેષ કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં ઇમરજન્સી સમયની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી તેમજ યુવા મોરચાના કાર્યકરોએ તમામ વરિષ્ઠ કાર્યકરોને સાલ સાથે સન્માન કરી આશિર્વાદ લીધા.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, કટોકટીનો તે દિવસના ખરાબ પરિણામો સૌથી મોટી લોકશાહીમાં અંત્યત ભયજનક પરિસ્થિતિ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

સર્જી કોંગ્રેસ આજે સત્તા મેળવવા વલખા મારે છે. કોંગ્રેસ સત્તા મેળવવા કોઇ પણ હદ સુધી જઇ શકે છે તે કટોકટીના **25**મી અને **26** જૂન **1975** ના દિવસ પરથી સમજી શકાય છે. કટોકટીમાં ડર રાખ્યા વગર,જેલમાં જવાની બીક રાખ્યા વગર મક્કમતાથી દેશ માટે ઝઝુમી રહ્યા તે તમામ કાર્યકરોને વંદન. લેખકો તેમજ પત્રકારશ્રીઓએ કે જેમણે કટોકટી સામે બોલવાનો કે લખવાનો પ્રયત્ન કર્યો તો તેમને ગુનેગારની જેમ જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. કોંગ્રેસની સત્તા જવાની હતી તેના માટે રાષ્ટ્રપતિએ પણ વડાપ્રધાનના વટહુકમ પર મોહર મારી દેશને ભંયકર મુશીબતમાં ધકેલી દિધો હતો. કટોકટી સમયે કાર્યકરોએ મક્કમતા પુર્વક લડત આપી અને ફરી ચૂંટણી કરવી પડી તે સૌ વરિષ્ઠ કાર્યકરોના ત્યાગને કારણે શક્યુ બન્યું તેને દેશ ક્યારેય નહી ભૂલે

આ કાર્યક્રમમાં શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, કટોકટીના સમયે જનસંઘના કાર્યકરોએ જે લડત આપી છે તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. જનસંઘના કાર્યકરોએ તે સમયે દેશની સેવા માટે જે બલિદાન આપ્યું છે જે યાતના ભોગવી છે તેના કારણે આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ભાજપની સરકાર છે. સેવા,સમર્પણ,બલિદાન આપી દેશને મુશીબતથી બહાર લાવવાનો પ્રયાસ કર્યો. કાર્યકરો તે સમયે કરેલા કાળ સમાન પરિશ્રમને વંદન. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આજે રાષ્ટ્ર પ્રથમ તે ભાવના જન જન સુધી પહોંચાડી શક્યા છીએ. રાષ્ટ્ર માટે ગૌરવ થાય તેવુ વાતાવરણ બનાવી શક્યા છીએ.

આ કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફીયા, પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઇ પટેલ, પૂર્વ મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા, પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા, પ્રદેશ કોષાધ્યક્ષશ્રી સુરેન્દ્રકાકા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)